RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 247, Dt.4-1-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજે ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે 'ખેલ મહાકુંભ'નો પ્રારંભ

## રેકોર્ડ બ્રેક ૭૧ લાખ રમતવીરોનું રજીસ્ટ્રેશનઃ દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભઃ ૧૨ હજાર વિદ્યાર્થીઓ-લોકો-મહાનુભાવો-પ્રધાનો-સચિવો હાજર રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખેલ મહાકુંભ ૩.૦' નો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે સાંજે યોજાશે, ૭૧ લાખ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન થયું છે, ભૂપેન્દ્રભાઈ સાંજે કળશ ખુલ્લો મૂકશે.

વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીએ આપેલો ખેલ મહાકુંભ નો વિચાર આજે વટવૃક્ષ બની ચૂક્યો છે. તેમ રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે પૂર્વ સંધ્યાએ પોતાના નિવેદનમાં ઉમેર્યુ હતું.

વર્ષ ૨૦૧૦માં ૧૩ લાખ રમતવીરોની સહભાગીતાથી આરંભાયેલા આ મહાકુંભમાં આજે રેકોર્ડ બ્રેક ૭૧.૩૦ લાખથી વધુ રમતવીરો હોંશભેર ભાગ લેશે. ખેલ મહાકુંભ ૩.૦ના ઉદ્‌ઘાટન સમારંભમાં ખેલ મહાકુંભ ૨.૦ની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ૩ શાળા, શ્રેષ્ઠ ૩ જિલ્લા અને શ્રેષ્ઠ ૩ મહાનગરપાલિકાને સન્માનિત કરવામાં આવશે. તથા દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યુ.

ઉદ્દઘાટન સમારંભ સાંજે ૫.૩૦ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, એથ્લેટીક્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે યોજવામાં આવશે.

રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, રાજ્યમાં ખેલકૂદનું વાતાવરણ ઊભું થાય, પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થય અંગેની જાગળતિ આવે તેવા ઉદ્દેશ સાથે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીએ આપેલો ખેલ મહાકુંભનો વિચાર આજે વટવળક્ષ બની ચૂક્યો છે. વર્ષ ૨૦૧૦માં ૧૩ લાખ રમતવીરોની સહભાગીતાથી આરંભ થયેલા આ મહાકુંભમાં આજે ૭૧.૩૦ લાખથી વધુ રમતવીરો હોંશભેર ભાગ લેવા જઈ રહ્યા છે.

ખેલ મહાકુંભ ૩.૦ના ઉદ્દઘાટન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેલ મહાકુંભ ૨.૦ની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ૩ શાળા જેમાં પ્રથમ શ્રેષ્ઠ શાળા ગજેરા વિદ્યાભવન સ્કુલ, કતારગામ, સુરત, દ્વિતીય શ્રેષ્ઠ શાળા એસ.આર.હાઈસ્કુલ દેવગઢ બારીયા, દાહોદ અને તળતીય શ્રેષ્ઠ શાળા નોલેજ હાઈસ્કુલ, નડીયાદને રોકડ-પુરસ્કાર અને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે.

તેવી જ રીતે ખેલ મહાકુંભ ૨.૦ના રાજ્યકક્ષાના શ્રેષ્ઠ ૩ જિલ્લાઓ જેમાં ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન ખેડા જિલ્લો, સ્ટેટ રનર્સઅપ દાહોદ જિલ્લો અને સ્ટેટ સેન્કડ રનર્સ અપ બનાસકાંઠા જિલ્લાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે.

તે ઉપરાંત ખેલ મહાકુંભ ૨.૦ની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ૩ મહાનગરપાલિકાઓ જેમાં ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન સુરત મહાનગરપાલિકા, સ્ટેટ રનર્સઅપ અમદાવાદ મહાનગરપાલિકા અને સ્ટેટ સેકન્ડ રનર્સ અપ વડોદરા મહનગરપાલિકાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રેકોર્ડ બ્રેક કુલ ૭૧,૩૦,૮૩૪ રજિસ્ટ્રેશન થયા છે. અંડર-૯ કેટેગરીથી માંડીને અબોવ-૬૦ કેટેગરી સુધી મળીને વિવિધ ૭ વયજુથના ખેલાડીઓ વિવિધ ૩૯ રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ દેખાવ પ્રદર્શન કરનાર રમતવીરોને રૂ. ૫ લાખથી માંડીને રૂ.૧૦ હજાર સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. એમ રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૪૫ કરોડના રોકડ પુરસ્કાર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્રિતિય અને તળતિય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે.

દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યુ છે. ખેલ મહાકુંભમાં શારીરિક રીતે પૂર્ણતઃ સક્ષમ ના હોય, તેવા ખેલાડીઓને અલગ અલગ જુથોમાં વહેંચી તેઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક સરકારે પુરી પાડી છે. જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તળતિય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

દરમિયાન કાર્યક્રમના આગલા દિવસે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે સ્થળની રૂબરૂ મુલાકાત લઈ તૈયારીઓ અંગે કલેકટર પ્રભવ જોષીએ માહિતી મેળવી જરૂરી સુચનો કર્યા હતાં.

રાજ્ય કક્ષાના આ ખેલ મહાકુંભના ઉદઘાટનમાં મુખ્યમંત્રી સહિત અનેક મહાનુભાવો અને ૧૦ હજાર જેટલા લોકોની ઉપસ્થિતિ રહેવાની હોઈ, ઉદઘાટન સમારોહ રંગા રંગ ભવ્ય રીતે યોજાય તે માટે કલેક્ટરએ સમીક્ષા કરી હતી.



સમારોહમાં જાણીતા ગાયક કલાકાર ઐશ્વર્યા મમજમુદાનું પર્ફોર્મન્સ, લેસર શો સહિત રંગબેરંગી સાંસ્કળતિક કાર્યક્રમનું નિદર્શન થવાનું હોવાથી કાર્યક્રમ સારી રીતે સંપન્ન થાય તે માટે સ્ટેજ વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સુરક્ષા વ્યવસ્થા ફાયર ઈમર્જન્સી સહિતની અન્ય આનુસંગિક વ્યવસ્થાઓની તલસ્પર્શી માહિતી કલેકટર તેમજ સ્પોર્ટ્સ કાઉન્સિલના સચિવ ઈન્દ્રજીત વાળાએ મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# તામિલનાડુમાં ફટાકડા ફેક્ટરીમાં આગ : ૬નાં મોત

**મુખ્ય સમાચાર,ચેન્નાઈ**

તમિલનાડુના વિરુધુનગર જિલ્લાના સત્તુર વિસ્તારમાં ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો જેમાં છ લોકોના મૃત્યુ નિપજ્યા હતા અને અનેક લોકો ઈજાગસ્ત થયા હતા. અહેવાલો અનુસાર, ફેક્ટરીમાં ચાર રૂમ હતા, જે બ્લાસ્ટ બાદ તૂટી પડ્યા હતા. માહિતી બાદ ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી અને ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં દાખલ કર્યા.

અકસ્માતની માહિતી મળતા જ ફાયર અને રેસ્ક્યુ વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અધિકારીઓ હજુ પણ વિસ્ફોટનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમજ નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે વિસ્ફોટનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો હતો. આગ પર કાબૂ મેળવવા માટે બચાવકર્મીઓએ ઝડપથી કામ કર્યુ હતું. આ અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે શોર્ટ સર્કિટના કારણે દુર્ઘટના સર્જાઈ હતી.

ઉલ્લેખનીય છે કે,વિરુધુનગર જિલ્લામાં ફટાકડાની ઘણી ફેક્ટરીઓ છે અને અહીં અનેક અકસ્માતો સર્જાય છે. વર્ષ ૨૦૨૪માં અકસ્માત બાદ મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ફટાકડાની ફેક્ટરીઓમાં સલામતી નિયમોની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમ છતાં અકસ્માતો અટકી રહ્યા નથી.

તપાસના અહેવાલ મુજબ, જ્યારે કારખાનામાં કેટલાક કેમિકલ મિશ્રિત થઈ રહ્યા હતા ત્યારે આગ લાગી હતી. આ પછી એક મોટો વિસ્ફોટ થયો અને આગ વાયુવેગ ફેલાવા લાગી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમજ મૃતકના સંબંધીઓને ૨ લાખનું વળતર આપવાની પણ જાહેરાત કરી છે.તામિલનાડુમાં એક ફટાકડા ફેકટરીમાં ભારે આગના કારણે સંખ્યાબંધ લોકો તેમાં ફસાઈ ગયા હતા અને છેલ્લા સમાચાર મુજબ ૬ લોકોના મોત થયા છે.



રાજ્યના વિરુધ્ધનગર જિલ્લામાં ફટાકડા ઉત્પાદન માટેની અનેક ફેક્ટરીઓ આવેલી છે અને તેમાં અવાર-નવાર આ પ્રકારે અકસ્માત થતાં રહે છે.

સત્તુર ઈલાકામાં એક ફટાકડા ફેકટરીમાં આજે સવારે આગ લાગતા ચાર રૂમમાં કામ કરતાં લોકો ફસાયા હતા અને તેમાં ૬ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે અને મૃત્યુઆંક વધે તેવી શક્યતા છે.

# સ્ટેટ બેન્કે સિનિયર સીટીઝન માટે થાપણમાં વ્યાજ દર વધાર્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

એક તરફ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મહિનામાં તેની ધિરાણ નીતિમાં હવે વ્યાજદરમાં ઘટાડો કરે તેવા સંકેત છે તે વચ્ચે બેન્ક ઓફ ઈન્ડિયાએ સીનીયર સીટીઝન માટે વધુ એક થાપણ યોજના લોન્ચ કરી છે અને તેમાં હાલ કરતાં ૧૦ બેઝીક પોઈન્ટ વધુ વ્યાજ મળશે.

જ્યારે એચડીએફસી બેન્કે બલ્ક ડીપોઝીટ પરના વ્યાજદર વધાર્યા છે. આમ બેન્કોમાં જે રીતે થાપણ વૃધ્ધીદર ધીમો પડી રહ્યો છે તેના માટે બેન્કો હવે વધુ ચિંતિત બની છે. સ્ટેટ બેન્ક ઓફ



ઈન્ડિયાએ ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સીનીયર સીટીઝન માટે ૭.૭૫ ટકાનું વ્યાજ ઓફર કરતી થાપણ યોજના લોન્ચ કરી છે.

જ્યારે અન્ય માટે ૪૪૪ દિવસની અમૃત વૃષ્ટિ યોજનામાં ૭.૨૫ ટકા વ્યાજ મળશે. આ યોજના ૩૧ માર્ચ-૨૦૨૫ સુધી ચાલુ રહેશે. બેન્ક ઓફ બરોડાએ અગાઉ તેના થાપણના દર વધાર્યા હતા.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ હર ઘર લખપતિ યોજના હેઠળ રીકરીંગ ડીપોઝીટ યોજનામાં પ્રિ-કલ્કયુલેટેડ સ્કીમ મુજબ રૂા. એક લાખ કે તેથી વધુની રકમ પાકતા સમયે મળે તે માટેની યોજના લોન્ચ કરી છે. હાલ સામાન્ય રીતે ૬.૭૫ ટકાનો થાપણદાર તમામ કેટેગરીમાં ઓફર થઈ રહ્યો છે અને સીનીયર સીટીઝનને ૭.૨૫ ટકા વ્યાજ મળે છે.

# કેનેડામાં રહેતા ભારતીયો સાથે રંગભેદ : રેફ્યુજી કહીને ઉતારી પાડ્યા : ચોંકાવનારી ઘટના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હોંશે-હોંશે વિદેશ જતાં ઈન્ડિયન્સને ઘણીવાર રેસીઝમનો ભોગ બનવું પડતું હોય છે અને હવે આવી ઘટનાઓ સતત વધી રહી છે. ખાસ કરીને કેનેડામાં સૌથી વધારે સંખ્યામાં રહેતા ઈન્ડિયન્સનું હવે ત્યાંના લોકલ લોકો ઘણીવાર અપમાન પણ કરી નાખે છે અને પાછલા કેટલાક દિવસોમાં આવી ઘટનાના અમુક વિડીયો પણ ખાસ્સા વાયરલ થયા હતા.

ઈન્ડિયન્સ સાથે કરાતા ભેદભાવ કે પછી તેમને રેફ્યુજી કહીને ઉતારી પાડવાનો વધુ એક વિડીયો હાલ એક્સ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં કેનેડાના કોઈ શહેરના રસ્તા પર ઉભેલા પાંચ ઈન્ડિય સ્ટૂડન્ટ્સનો વિડીયો લઈ રહેલો




એક વ્યક્તિ એવું કહેતા સાંભળી શકાય છે કે જુઓ ઈન્ડિયાથી રેફ્યુજીસ અહીં આવી ગયા અને તેના માટે જસ્ટિન ટ્રુડો જવાબદાર છે.

વિડીયો શૂટ કરનારો વ્યક્તિ એવું પણ કહે છે કે, ઈન્ડિયાથી આવી રહેલા લોકોને કારણે કેનેડાની વસ્તી વધી રહી છે, ૧૯૯૮માં કેનેડાની વસ્તી ૨૪ મિલિયન હતી જે હવે વધીને ૪૪ મિલિયન થઈ ગઈ છે અને તેમાંના મોટાભાગના ઈન્ડિયન્સ છે.

જે પાંચ ઈન્ડિયન્સને આ વિડીયોમાં બતાવાયા છે તેમાં બે યુવતીઓનો પણ સમાવેશ થાય છે અને આ તમામ લોકો મોટી-મોટી ટ્રાવેલ બેગ લઈને રસ્તા પર ઉભા છે.

# ભારતની દરિયાની લંબાઈ ૪૮% જેટલી વધી

## ૧૯૭૦માં ૭૫૧૬ કીમીની દરિયાઈ લંબાઈ નિશ્ચિત થઈ હતી તે હવે ૧૧૦૯૮ કીમી નોંધાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જો તમોને કોઈ કહે કે ભારતમાં કોસ્ટલાઈન એટલે કે દરિયાકિનારો વધી ગયો છે તો આશ્ચર્ય થશે. વિશ્વભરમાં દરિયા-સમુદ્રના પાણી આગળ ધસી રહ્યા છે અને એકાદ દશકામાં ન્યુયોર્ક સહિતના શહેરો પર જોખમ છે તેવા અહેવાલ છે તે વચ્ચે ૫૩ વર્ષમાં ભારતની દરિયાની લંબાઈ ૪૮% જેટલી વધી છે અને તેમાં ગુજરાતમાં સૌથી વધુ વધારો નોંધાયો છે.

૧૯૭૦માં ભારતના દરિયા કિનારાની લંબાઈ ૭૫૧૬ કીમી હતી જે ૨૦૨૩-૨૪માં ૧૧૦૯૮ કીમીની થઈ છે અને તેમાં ગુજરાત પશ્ચિમ બંગાળ- ગોવામાં સૌથી વધુ વધારો થયો છે. જયારે પોંડીચેરીમાં દરિયાની લંબાઈ ૧૦.૪% ઘટી છે. વાસ્તવમાં આ દરિયાની લંબાઈ વધી છે તેનું મુખ્ય કારણ તે આપવાની પદ્ધતિ બદલાઈ છે અને નવી આધુનિક પદ્ધતિથી ખાસ કરીને જે દરિયાઈ ખાડી વિસ્તારો છે તેને કુલ લંબાઈ સાથે જોડી દેવાયા છે.

અનેક સ્થળોએ દરિયાની અંદર અને બહારના એરિયામાં જે ખાડી જમીનના કોહરામ છે તેને અત્યાર સુધી માપવામાં સામેલ કરવામાં આવતુ ન હતું. ફકત સીધી કિનારાની જ લંબાઈ માપવામાં આવતી હતી. ગુજરાતમાં દરિયાઈ કિનારાની લંબાઈ ફરીથી માપવામાં આવી રાજ્યને દરિયા ક્ષેત્રમાં ખાડીનું પ્રમાણ સૌથી વધુ છે.

ભારતમાં ગુજરાત એ સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે અને ૧૯૭૦માં ગુજરાતમાં દરિયાની લંબાઈ ૧૨૧૪ કીમીની હતી તે લગભગ ડબલ થઈ છે અને હવે ૨૩૪૦ કીમી નોંધાઈ છે.

બીજા ક્રમે ૫.બંગાળ આવે છે જયારે ૧૫૭ કીમીની લંબાઈ હવે ૭૨૧ કીમીની થઈ છે.

ભારતીય મેરીટાઈમ પેરામીટરમાં હવે વૈશ્વિક માપદંડ તથા આધુનિક પદ્ધતિ અપનાવાઈ છે. અગાઉ દરિયાઈ કિનારાની સીધી લાઈન જ મપાઈ જતી હતી પણ જે ગુંચવણ ભરી ખાડીની કે કિનારાની સ્થિતિ છે તેને નજર અંદાજ કરાતી હતી અને આ નવી પદ્ધતિ એ કોસ્ટલાઈનની આવી સ્થિતિ દર્શાવે છે.



૧૯૭૦માં નેશનલ હાઈડ્રોગ્રાફીક ઓફીસ અને સર્વે ઓફ ઈન્ડીયાએ સંયુક્ત રીતે દરિયાની લંબાઈ માપી હતી. તામિલનાડુમાં દરિયાની લંબાઈ ૧૦૬૮ કીમીની થઈ છે જે અગાઉ ૯૦૬ કીમીની હતી અને બીજા નંબરે આવ્યો છે તો આંધ્રપ્રદેશમાં ૧૦૫૩ કીમીની લંબાઈ નોંધાઈ છે. કેરાળાની દરિયાઈ લંબાઈ વધીને ભારતનો દરિયો બંગાળના અખાત, હિન્દ મહાસાગર અને પશ્ચિમમાં અરબી સમુદ્ર એમ ત્રણ ભાગમાં ફેલાયો છે.

# કેનેડાનો વધુ એક મોટો નિર્ણયઃમાતા-પિતા અને દાદા-દાદીની પર્મેનેન્ટ રેસિડેન્સીની સ્પોન્સરશિપને અટકાવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેનેડાએ હાલના કેસોના બેકલોગને સાફ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે માતા-પિતા અને દાદા-દાદીની પર્મેનન્ટ રેસિડેન્સીની સ્પોન્સરશિપ માટેની નવી અરજીઓ સ્વીકારવાનું અસ્થાયી રૂપે અટકાવ્યું છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે નિર્દેશ જાહેર કર્યો છે.

કેનેડા ગેઝેટમાં પ્રકાશિત થયેલો નિર્દેશ મુજબ, ફેમિલી રી-યુનિયન માટે સરકારની પ્રતિબદ્ધતાને દેખાડે છે, પરંતુ ગયા વર્ષે સબ્મિટ કરવામાં આવેલી અરજીઓની પ્રક્રિયાને પ્રાથમિકતા આપે છે. મિલરે નોંધ્યું હતું કે આ નિર્ણય સરકારના વ્યાપક ઈમિગ્રેશન લક્ષ્યો સાથે સમાંતર છે.

કામગીરીને ફરી વ્યવસ્થિત કરવા માટે અન્ય ઈમિગ્રેશન સ્ટ્રીમ્સમાં પણ નવી સ્પોન્સરશિપને અટકાવી છે. એના ઈમિગ્રેશન સ્તરની યોજનાના ભાગ રૂપે, જે આગામી ત્રણ વર્ષમાં એકંદર વપરાશમાં ઘટાડો કરવાનો ટાર્ગેટ રહેશે. સરકાર આ વર્ષે ફેમિલી રી-યુનિયન પ્રોગ્રામથી સબ્મિટ કરવામાં આવેલી ૧૫,૦૦૦ જેટલી અરજીઓને સ્વીકારવાનો ટાર્ગેટ રાખ્યો છે.

પેરેન્ટ્સ એન્ડ ગ્રાન્ડ-પેરેન્ટ્સ પ્રોગ્રામ હેઠળ, ૨૦,૫૦૦ અરજી સ્વીકારવાના ટાર્ગેટ સાથે, ૨૦૨૪માં ૩૫,૭૦૦ રેન્ડમલી પસંદ કરાયેલા લોકોને અરજીઓ સબ્મિટ કરવા માટે આમંત્રિત કર્યા હતા. મિલરે રજૂ કરેલા ઈમિગ્રેશન પર સંસદમાં ૨૦૨૪ના એન્યુઅલ રિપોર્ટ મુજબ, ૨૦૨૩ના અંત સુધીમાં ઈન્વેન્ટરીમાં ૪૦,૦૦૦થી વધુ માતા-પિતા અને દાદા-દાદીની પર્મેનન્ટ



રેસિડેન્સીની સ્પોન્સરશિપ હતી. .મિલર દ્વારા રજૂ કરવામાં આવેલા ઈમિગ્રેશન અંગેના ૨૦૨૪ના વાર્ષિક અહેવાલ મુજબ, ૨૦૨૩ના અંત સુધીમાં ૪૦ હજારથી વધુ માતા-પિતા અને દાદા-દાદીની સ્પોન્સરશિપ અરજીઓ બાકી હતી. રિપોર્ટમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે આ અરજીઓ માટે સરેરાશ પ્રોસેસિંગ સમય હાલમાં ૨૪ મહિનાનો છે. સરકારના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ વિરામ સરકારને કુટુંબના પુનઃ એકીકરણ માટેની પ્રતિબદ્ધતા જાળવી રાખીને બેકલોગને અસરકારક રીતે સંચાલિત કરવામાં સક્ષમ બનાવશે.

# રાજકોટ, જામનગર સહિત રાજયના આઠ મહાનગરો માટે લોજીસ્ટીક માસ્ટર પ્લાન ઘડાશે

## બંદર ધરાવતા શહેરો માટે મરિન કાર્ગોની પણ ખાસ જોગવાઈ હશે


**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ટ્રાફિક મેનેજમેન્ટ સહિતની સેવા-સુવિધાઓને સરળ બનાવવા માટે રાજ્ય સરકાર રાજકોટ સહિત આઠ મહાનગરો માટે વિસ્તૃત લોજીસ્ટીક પ્લાન તૈયાર કરી રહી છે. ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, ભાવનગર અને જુનાગઢને સાંકળતા આ માસ્ટર પ્લાન માટે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડને નોડલ એજન્સી બનાવવામાં આવી છે.

ગુજરાત સ્ટેટ ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક પાર્ક પોલીસી ૨૦૨૧, સ્ટેટ ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક માસ્ટર પ્લાન તથા પીએમ ગતિ શકિત ગુજરાત ઈન્ટીગ્રેટેડ માસ્ટર પ્લાન સંલગ્ન નવો લોજીસ્ટીક માસ્ટર પ્લાન ઘડવામાં આવશે.

સુચિત લોજીસ્ટીક માસ્ટર પ્લાનમાં લોજીસ્ટીક ઝોન, ડીલીવરી સિસ્ટમ તથા તેમાં સામેલ હિસ્સેદારો વચ્ચે સંકલન રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવશે.પ્રોજેક્ટ દરખાસ્તો સહિત લોજીસ્ટીક માસ્ટરપ્લાન ઘડવાની દિશામાં પહેલ હોવાનું રાજ્ય સરકારના સુત્રોએ કહ્યું હતું.સરકારના એક સિનિયર અધિકારીએ કહ્યું કે, અસરકારક અર્બન ફ્રેઈટ કોરીડોર તથા નિશ્ચિત લોજીસ્ટીક ઝોનનો માસ્ટર પ્લાનમાં સમાવેશ કરાશે. દરેક શહેરનાં પ્રવર્તમાન પરિવહન રૂટનું વિસ્તૃત મેપીંગ કરવામાં આવશે.

ટ્રાફીક જામ થતો હોય તેવા સ્થળોની ઓળખ મેળવીને તેના ઉપાયો નકકી કરવામાં આવશે. માલ પરિવહન સરળ બનાવવા માટે વેરહાઉસ તથા મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબનો કોન્સેપ્ટ લક્ષ્યમાં લેવાશે.માસ્ટર પ્લાનમાં રીયલ ટાઈમ ટ્રેકીંગ



સિસ્ટમ ઓટોમેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ તથા અન્ય ટેકનોલોજી આધારીત આધુનિક સુવિધા સામેલ કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે પણ ઈલેકટ્રીક વાહનોનો ઉપયોગ વધારવા તથા ગ્રીન કોરીડોર સર્જવા તરફ રાજય સરકારનો અભિગમ છે.

બંદર ધરાવતા ભાવનગર-જામનગર જેવા શહેરો માટે રોડ પરિવહનની સાથોસાથ મેરીટાઈમ કાર્ગોની પણ ખાસ જોગવાઈ કરવામાં આવશે. અમદાવાદ-વડોદરા જેવા ઔદ્યોગીક શહેરો માટે ઉત્પાદન ક્ષેત્રની જરૂરીયાતો પર ફોકસ કરવામાં આવશે.નવા રીંગરોડ, બાયપાસ તથા નિશ્ચિત કોરીડોર જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર લક્ષ્ય રખાશે. સુત્રોએ કહ્યું કે, કેન્દ્ર તથા રાજયની લોજીસ્ટીક નીતિ સંલગ્ન માસ્ટર પ્લાન તૈયાર થશે ઔદ્યોગીક સંગઠનો તથા લોકલ તંત્રને પણ સાથે રખાશે.

# આંતરરાષ્ટ્રીય પેરાગ્લાઈડીંગ હરીફાઈમાં ભાગ લઈ જામનગરનું ગૌરવ વધારતી સરકારી મહિલા કર્મચારી

## ઉત્તરાખંડમાં પ્રથમ વખત યોજાયેલી હરીફાઈમાં ભાગ લેનાર નચિકેતા ગુપ્તા ગુજરાતની એકમાત્ર પાઈલોટ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા નચિકેતા ગુપ્તાએ ટેહરી ઈન્ટરનેશનલ પેરાગ્લાઈડીંગ એક્રો એન્ડ એસઆઈવી કોમ્પિટિશનમાં ભાગ લઈ જામનગરનું ગૌરવ વધાર્યું

ભારતમાં પ્રથમ વખત ઉત્તરાખંડમાં યોજાયેલ ઈન્ટરનેશનલ લેવલની સ્પર્ધામાં ૧૫થી વધુ દેશોના ૯૩ પેરાગ્લાઈડીંગ પાઈલોટ એ ભાગ લીધો : નચિકેતા ગુપ્તા આ પ્રતિયોગીતામાં ભાગ લેનાર ગુજરાતના એક માત્ર પેરાગ્લાઈડીંગ પાઈલોટ.પંખીની જેમ ઉડવાની ચાહ માનવીના મનમાં હમેશા રહી છે અને યૌવન એટલે અણદીઠેલી ભોમ પર આંખ માંડીને પાંખ વીંઝવાની તાકાત. આવી જ એક ઉડાન લઈ ચુકેલા જામનગર સિંચાઈ વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા મૂળ જામનગરના જ નચિકેતા ગુપ્તાએ ઉત્તરાખંડના ટેહરી ખાતે ૧૯ જાન્યુઆરી થી ૨૨મી જાન્યુઆરી સુધી યોજાયેલ ટેહરી ઈન્ટરનેશનલ પેરાગ્લાઈડીંગ એક્રો એન્ડ એસઆઈવી કોમ્પિટિશનમાં ભાગ લઈ જામનગરનું નામ રોશન કર્યું છે. ભારતમાં પહેલી વખત આ પ્રકારની ઈન્ટરનેશનલ પેરાગ્લાઈડીંગ કોમ્પિટિશન યોજવામાં આવી હતી. જેમાં ભારતના અલગ અલગ રાજ્યોથી તથા ૧૫થી વધારે દેશોના પેરાગ્લાઈડીંગ પાઈલોટ એમ કુલ ૯૩ પેરાગ્લાઈડીંગ પાઈલોટ એ ભાગ લીધો હતો .આ કોમ્પિટિશનમાં પેરાગ્લાઈડીંગના અલગ અલગ એક્રોબેટ્સ જેવા કે સેટ રોટેશન, સ્પાઈરલ , સ્ટોલ ટુ બેક્ફલાઈ પોઝીસન વગેરે હવામાં કરી બતાવી પ્રતિભાગીઓએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બોડી બેલેન્સ ,પેરાગ્લાઈડરની દિશા, સ્પીડ અને પાઈલોટની કુશળતા જેવા ઘટકોને ધ્યાને લઈ અલગ અલગ એક્રોબેટ્સનું બારીક અવાલોકલ નિર્ણાયકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રકારની પ્રતિયોગીતા ખુબજ જોખમી હોવાથી તેનું આયોજન ટેહરી ડેમ પર કરવામાં આવ્યું હતું જેથી જો કોઈ પ્રતિભાગી પડે તો પાણી માંથી તેને બચાવી શકાય. ભારતમાં ઘણા ઓછા પેરાગ્લાઈડીંગ પાઈલોટ એક્રોબેટ્સ કરે છે. આથી આ પ્રતિયોગીતા પેરાગ્લાઈડીંગના એક્રોબેટીક્સને વેગવાન કરવાની દિશામાં મહત્વનો ફાળો આપે છે . ઉલ્લેખનીય છે કે તેઓએ પેરાગ્લાઈડીંગની ટ્રેનીંગ અરુણાચલ પ્રદેશના National Institute of Mountaineering and adventure sports (NIMAS) તથા બીર હિમાચલ પ્રદેશની એન્ટીગ્રેવિટી સંસ્થાથી મેળવેલ છે .નચિકેતા ગુપ્તા આ પ્રતિયોગીતામાં ભાગ લેનાર ગુજરાતના એક માત્ર પેરાગ્લાઈડીંગ પાઈલોટ હતા. જેમણે ત્યાં પોતાની પેરાગ્લાઈડીંગની કુશળતા દર્શાવી સફળતાપૂર્વક બધા એક્રોબેટીક્સના ટાસ્ક પૂર્ણ કર્યા અને ઈવેન્ટમાં






ક્વોલીફાઈ થયા હતા. જે રાજ્યોમાં બહુ ઉંચા પહાડો નથી તેવા રાજ્યોમાંથી ખુબજ ઓછા પ્રતિસ્પર્ધી આ કોમ્પિટિશનમાં ક્વોલીફાઈ થઈ શક્યા છે પણ નચિકેતા ગુપ્તાએ આ સ્પર્ધામાં ખુબજ સારૂ પ્રદર્શન કર્યું છે જે જામનગર માટે ગૌરવની વાત છે.

# મોરબી ખાણ-ખનીજ વિભાગની કાર્યવાહી:સિલિકા સેન્ડ ખનીજનું બિનઅધિકૃત વહન કરતા ૬ વાહનો સીઝ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી કરી તેનું વહન કરતા છ જેટલા વાહનો સિઝ કરવામાં આવ્યા છે, જેમાં વાંકાનેર તાલુકાના ભલગામ નજીક પૂર્વ બાતમીને આધારે રેઈડ કરતા સાદી રેતી તથા સિલિકા સેન્ડ ખનીજનું વહન કરતા છ ડમ્પર સિઝ કરી વાહનના માલીકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જાણવા મળતી માહિતી અનુસાર,મોરબી જીલ્લા ખાણ ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી જે.એસ.વાઢેરને જીલ્લામાં મળતી વિવિધ ખનીજચોરી બાબતની ફરિયાદ અરજીઓ અન્વયે આકસ્મિક તપાસ(રેઈડ) કરવા અંગેની સુચના આપતા કચેરીની ક્ષેત્રીય ટીમ દ્વારા વાંકાનેર તાલુકાના ભલગામ ઓનેસ્ટ





હોટલ પાસે ખાનગી વાહનમાં આક્સ્મિક તપાસ હાથ ધરવામાં આવેલ હતી. તપાસ દરમ્યાન સાદી રેતી ખનીજ તથા સિલિકા સેન્ડ ખનીજનું બિન અધિકૃત વહન કરતા કુલ ૦૬ (છ) વાહનો સીઝ કરવામાં આવ્યા હતા. જેમા વાહન ડમ્પર રજી.નં. જીજે-૦૩-બીઝેડ-૧૯૯૧ ના માલીક ચંદ્રસિંહ ભગવતસિંહ રાઠોડ રહે.રાજકોટ, જીજે-૦૩-બીવી-૭૧૯૯ ના માલીક ધાંધલ રાજુભાઈ સુરીંગભાઈ રહે. સુરેન્દ્રનગર, જીજે-૧૩-એડબલ્યુ-૯૯૬૭ ના માલીક ભાવેશભાઈ ધનજીભાઈ સોલંકી, જીજે-૧૩-એડબલ્યુ-૯૯૨૧ ના માલીક દેવાભાઈ સુરાભાઈ ખંભાળીયા રહે. રાજકોટ, જીજે-૧૩-એક્ષ-૭૩૫૧ ના માલીક મયુરસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ રહે. સુરેન્દ્રનગર તથા જીજે-૦૩-બીઝેડ-૮૩૩૧ ના માલીક પટેલ કન્સલ્ટન્ટ રહે. રાજકોટવાળાનો સમાવેશ છે. ત્યારે ઉપરોક્ત વાહનોને ખનીજનું બિન અધિકૃત વહન કરતા પકડી લઈ અંદાજીત ૨ કરોડનો મુદામાલ જપ્ત કરી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. હાલ તમામ વાહનો સીઝ કરી સંતકૃપા સ્ટોન ક્રશર-ભલગામ ખાતે રાખવામાં આવેલ હોવાનું યાદીમાં જણાવ્યું છે.

# માળિયા વનાળિયા શાળામાં બાબાસાહેબ આંબેડકરના ફોટા અનાવરણ અને સાવિત્રીબાઈ ફૂલેની જન્મજયંતીની ઉજવણી કરાઈ





મોરબીઃમાળિયા વનાળિયાની લાયન્સ નગર શાળામાં ૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ, વિશેષ કાર્યક્રમનું આયોજન કરી દેશના પ્રથમ મહિલા શિક્ષિકા માતાશ્રી સાવિત્રીબાઈ ફુલેના જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભારતના બંધારણના સ્થાપક ડો. બાબાસાહેબ આંબેડકરના ફોટો અનાવરણ કરી વિદ્યાર્થીઓને સ્મૃતિચિહ્ન સ્વરૂપે બોલપેન તથા નાસ્તો કરાવી ઉજવણી કરવામાં આવી હતી. માળિયા વનાળિયા લાયન્સ નગર સ્કૂલમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના ફોટોનું અનાવરણ તથા દેશના પહેલા મહિલા શિક્ષીકા માતાશ્રી સાવિત્રીબાઈ ફુલેના જન્મ જ્યંતીમાં વિદ્યાર્થીઓને બોલ-પેન અર્પણ તથા નાસ્તો કરાવી ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમમાં આમન્ત્રિત મોરબી જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારઘી, ઉપપ્રમુખ હીરાભાઈ ટમારીયા, સામાજિક ન્યાય સિમિત ચેરમેન અશોકભાઈ ચાવડા, અનુ.મોર્ચા પ્રમુખ બાબુભાઈ પરમાર, પ્રદેશ હોદેદાર વિઠ્ઠલભાઈ, ભાજપ અગ્રણી જ્યોતિસિંહ જાડેજા, રાજુભાઈ પરમાર, જેતપર મનુભાઈ સારેસા, દીપકભાઈ ચૌહાણ, રાજનભાઈ પંડૂબીયા, પ્રવીણભાઈ સોલંકી, કાંતિભાઈ ચાવડા, અનિલભાઈ અબાલિયા, પ્રભાબેન મકવાણા તથા માળિયા વનાળિયા ગ્રામપંચાયતના હોદેદારો સાથે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સંગઠન એકતા ગ્રુપના ૧૩ પરિવાર સિમિત દ્વારા ફુલહાર અને સાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સહિયોગી સંગઠન એકતા ગ્રુપ-૧૩ પરિવાર સિમિત, ગૌતમભાઈ સોલંકી તથા જગદીશભાઈ ચાવડા દ્વારા લાયન્સનગર સ્કૂલના આચાર્ય અને શિક્ષકમંડળને ફુલહાર કરી સન્માન સાથે ડો. બાબાસાહેબ આંબેડકરજીનો ફોટો અનાવરણ કરવામાં આવ્યો હતો.

# મોરબી ચાઈલ્ડ વેલફેર કમિટી દ્વારા વિકાસ વિદ્યાલય ખાતે નવા વર્ષની ઉજવણી કરાઇ

**મુખ્ય સમાચાર,મોરબી**

બાળ કલ્યાણ સમિતિ મોરબી દ્વારા ચિલ્ડ્રન વેલફેર ટ્રસ્ટ વિકાસ વિદ્યાલય સંસ્થાની તમામ બાળકો સાથે નવા વર્ષની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમિતિના સભ્યોએ ચિલ્ડ્રન હોમ પર ગર્લ્સની દીકરીઓના હાથે કેક કટીંગ કરાવી તેમની સાથે નાસ્તો કરી નવા વર્ષની ધામધુમ પુર્વક ઉજવણી કરી હતી.

બાળ કલ્યાણ સમિતિ મોરબી દ્વારા ચિલ્ડ્રન વેલફેર ટ્રસ્ટ વિકાસ વિદ્યાલય સંસ્થાની તમામ બાળકો સાથે નવા વર્ષની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાની તમામ બાળાઓને રંગબેરંગી ભાતીગળ કપડાઓમાં ગરબા રમ્યા હતા તેમજ ડાન્સની રંગત માણી હતી. કમિટીએ ચિલ્ડ્રન હોમ પર ગર્લ્સની દીકરીઓના હાથે કેક કટીંગ કરાવી તેમની સાથે નાસ્તો કરી નવા વર્ષની ઉજવણી કરી હતી.



જેમાં ખાસ કમિટીના ચેરમેન રમાબેન ગડારા, સભ્યો બિપીનભાઈ વ્યાસ, પિયુતાબેન કણસાગરા, ખુશ્બુબેન કોઠારી અને દીપાબેન રાવલે તેમજ સંસ્થાના મેનેજર દમવંતીબેન નિમાવત અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમાજ સુરક્ષા વિભાગમાંથી ચાઈલ્ડ વેલફેર સમિતિ પ્રોટેક્શન ઓફિસર દિલીપભાઈ રાનવા અને કોમ્પ્યુટર ઓપરેટર ધ્રુવભાઈ રામાનુજ ઉપસ્થિત રહી બાળાઓને આશીર્વચન પાઠવ્યા હતા.

# હળવદના માથક ગામ નજીક બોલેરોમાંથી ૧૨૦૦લીટર દેશી દારૂ સાથે બે પકડાયા

## માલ મોકલનાર, પાયલોટિંગ કરનાર, માલ મંગાવનાર એમ અન્ય ચાર ઈસમોના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે હળવદ તાલુકાના માથક ગામે સુંદરીભવાની ગામ જવાના રોડ ઉપરથી એક બોલેરો પીકઅપ ગાડીમાંથી ૧૨૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૨.૪૦ લાખ સાથે બોલેરો ચાલક તથા તેની સાથેના એક ઈસમ સહિત બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

હળવદ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ઈન્ચાર્જ એ.એસ.આઈ. અજીતસિંહ નટુભા સિસોદીયા તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ. હરવિજયસિંહ કિરીટસિંહ ઝાલાને મળેલ બાતમી હકીકત આધારે હળવદ તાલુકાના માથક ગામે સુંદરીભવાની જવાના રોડ ઉપર જાહેરમાં એક બોલેરો પીકઅપ ગાડીમાં ૧,૨૦૦ લીટર દેશીદારૂ સાથે ચાલક તથા સાથેના એક આરોપીને પકડી લેવામાં આવ્યા છે. હળવદ



પોલીસે આરોપી મયુરસિંહ અખુભા ઝાલા રહે. રામપરા તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર તથા સંજયભાઈ હસમુખભાઈ દેકાવડીયા રહે. ભવાનીગઢ(જોકડા) તા.મુળી જી.સુરેન્દ્રનગરવાળાની અટકાયત કરી બોલેરો રજી.નં.જીજે-૧૩-એડબલ્યુ-૬૯૬૮ તથા દેશી દારૂ સહિત કિ.રૂ. ૭,૪૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.


આ સાથે પકડાયેલ બંને આરોપીઓની પ્રાથમિક પૂછતાછમાં પકડાયેલ બોલેરો આગળ આરોપી ઘનશ્યામભાઈ શંકરભાઈ કોળી રહે. કાતરોળી (કુંતલપુર)ગામ, તા.મુળી જી.સુરેન્દ્રનગર તથા આરોપી હસમુખભાઈ મધુભાઈ દેકાવાડીયા રહે. ભવાનીગઢ (જોકડા) તા.મુળી જી.સુરન્દ્રનગરવાળા અન્ય બોલેરોમાં પાયલોટિંગ કરતા હોય તથા દેશી દારૂ મંગાવનાર આરોપી વાલજીભાઈ ઉર્ફે વાલો સામજીભાઈ કોળી રહે. ઈન્દીરાનગર મોરબી તથા અજયભાઈ ઉર્ફે ભુરો સામજીભાઈ કોળી રહે.ત્રાજપર, જાપાપાસેના નામની કબુલાત આપતા હળવદ પોલીસે ૨ આરોપીની અટકાયત તથા ૪ આરોપીઓને વોન્ટેડ દર્શાવી કુલ ૬ આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના વીસીપરા વિસ્તારમાંથી ઘાતક ચાઈનીઝ દોરીની ૧૨ ફિરકી સાથે સ્ટોલ ધારકની ધરપકડ



મકરસંક્રાતી તહેવાર અનુસંધાને ગૃહ વિભાગના પત્ર અનુસાર ઉતરાયણ/અન્ય તહેવારો વખતે ચાઈનીજ લોંન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન તથા ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ હોય તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય જે અન્વયે પતંગ દોરનું છુટક વેંચાણ કરતા સ્ટોલમાં ચેકીંગ હાથ ધરવામાં આવે જે અન્વયે મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીની સુચનાથી જીલ્લા પોલીસ ટીમ કાર્યરત હોય ત્યારે સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન વીસીપરા મદીના મસ્જીદની બાજુમાં રોડ ઉપર છુટક પતંગ દોરી ગોઠવી તેનું વેંચાણ કરતા ઈમરાનભાઇ રસુલભાઇ જેડાના પતંગ-દોરના સ્ટોલમાં તપાસ હાથ ધરતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧૨ ફિરકા મળી આવ્યા હતા જેથી આરોપી ઈમરાનભાઇ રસુલભાઇ જેડા ઉવ.૨૪ રહે.મોરબી વીસીપરા કુલીનગર-૧ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા જાહેર જનતા તથા પતંગ દોરાના વેપારીઓ જોગ સંદેશ આપી જણાવ્યું છે કે ચાઇનીઝ દોરા તથા ચાઇનીઝ તુક્કલથી જાહેર જનતાને નુકસાન થતુ હોય જેથી ચાઇનીઝ દોરાઓનુ વેચાણ નહિ કરવા તેમજ તે ખરીદ નહીં કરવા જનતાને અપીલ કરવામાં આવી છે.

# મોરબીમાં રહેણાંકમાંથી ૧૮૦ નંગ પ્રતિબંધિત ચાઈનીઝ ફિરકા સાથે એક ઝડપાયો



મોરબી શહેરના મકરાણીવાસ વિસ્તારમાં આવેલ રહેણાંકમાં સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા દરોડો પાડી ૧૮૦ નંગ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ફિરકા સાથે એક આરોપીને ઝડપી લેવામાં આવી તેની સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ આગામી મકરસંક્રાંતી તહેવાર દરમ્યાન મનુષ્ય, તથા પર્યાવરણને નુકસાન કરતા પ્રતિબંધીત ચાઈનીઝ દોરી, સળગી ઉઠે તેવા તુકલ, વિગેરે પકડી પાડવા સુચના કરી હોય જે અનુસંધાને ખાનગી બાતમી મળી કે મોરબીના મકરાણીવાસ વિસ્તારમાં આવેલ રહેણાંકમાં આરોપી સાહીલભાઇ રસુલભાઇ કલાડીયા ઉવ.૨૩ રહે.મોરબી મકરાણીવાસ વાળો પ્રતિબંધીત ચાઇનીઝ દોરી (ફિરકા)નુ વેચાણ કરતો હોય જેથી તુરંત પોલીસે ઉપરોક્ત આરોપીના રહેણાંક મકાને રેઈડ કરતા ચાઇનીઝ દોરી(ફીરકા) નંગ-૧૮૦ કિ.રૂ.૧,૧૭,૦૦૦/- ના મુદામાલ સાથે આરોપીને ઝડપી લેવામાં આવી તેની વિરુદ્ધ જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા ભંગ તથા જી.પી.એકટ કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવી છે.

# બાબા સાહેબના અપમાન બાબતે જામનગર યુવા દલીત સમાજે આપ્યું આવેદન

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર યુવા દલીત સમાજ, બૌદ્ધ સમાજનું આવેદન.દેશનાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ ડો. બાબા સાહેબ આંબેડકરની ગરિમાને ઠેસ પહોંચાડી છે. આથી તેમને હોદ્દા ઉપરથી પદભ્રષ્ટ કરવા જોઈએ તેવી માંગણી સાથે જામનગરના યુવા દલીત સમાજ અને બૌદ્ધ સમાજે ધરણાં કર્યા પછી રાષ્ટ્રપતિને ઉદેશીને લખવામાં આવેલ આવેદનપત્ર જામનગર જિલ્લા કલેકટરને પાઠવ્યું હતું.ભારતીય સંવિધાનના રચયિતા અને ઐતિહાસિક મહાપુરૂષ ડો. આંબેડકરજીનું દેશના ગૃહમંત્રી અમીત શાહે અપમાન કર્યું હતું. આ શબ્દનો અર્થ એવો થાય કે ડો. આંબેડકરનું નામ લેવાથી લોકોને નર્ક પ્રાપ્ત થાય છે. શું આ નામ કોઈ ફેશનનું નામ છે? દેશનાં ગૃહમંત્રી મહાપુરૂષનું આમ અપમાન કરી શકે ખરા ? આ સત્તાધારી પક્ષની સોચી સમજી સાજીસ છે. આંબેડકરજીની ગરિમાને ઠેસ પહોંચાડવાનો હીન પ્રયાસ છે.




શા માટે સંવિધાનના શિલ્પકારને નિશાન બનાવાયા ? આમ, દલીતો, શોષિતો, પીડીતો અને નારીઓના એક માત્ર ઉદ્ધારકનું અપમાન કરવામાં આવ્યું છે. જેથી દલીતો, આંબેડકરવાદીઓની આસ્થા અને સ્વાભિમાનને ઠેસ પહોંચાડવામાં આવી છે.

જે નિંદનિય અને કોઈપણ સંજોગોમાં સહન થઈ શકે નહી. આ માટે અમિત શાહ જાહેરમાં માફી માંગે અને જો માફી ન માંગે તો તેમને પદભ્રષ્ટ્ર કરવામાં આવે તેવી માંગણી સાથેનુ આવેદન આજે કલેકટરને પાઠવાયું હતું.

આ પહેલા ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં યુવા દલીત સમાજ અને બૌદ્ધ સમાજ જામનગરના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતાં.

# જામનગર આર.ટી.ઓ.કચેરી ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ નો ઉદઘાટન સમારોહ યોજાયો



માર્ગ અકસ્માતો અટકાવવા અને લોકોની સુરક્ષા સલામતી જળવાય તે હેતુ થી રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે માર્ગ સલામતી માસનું આયોજન કરવામા આવે છે. જે અંતર્ગત જામનગર જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૫ સુધી માર્ગા સલામતી માસ યોજવાનું આર.ટી.ઓ. કચેરી જામનગર દ્વારા આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત જામનગર આર.ટી.ઓ.કચેરી ખાતે પપરવાહથ (ભફચિ) થીમ સાથે પરાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫થ નો ઉદઘાટન સમારોહ યોજાયો હતો.જેમાં મંચસ્થ મહાનુભાવો દ્વારા જાહેર જનતાને માર્ગ સલામતી માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવેલ તથા હિટ એન્ડ રન કમ્પેન્સેશન સ્કીમ ૨૦૨૨ અંગેની માહિતી આપવામાં આવેલ.તેમજ કાર્યક્રમના અંતે ટ્રાફિક નિયમોના પાલન માટે શપથ લેવામાં આવેલ. કાર્યક્રમ અંતર્ગત ત્રજ્ઞટઊં ઊખછંઈ ૧૦૮ ઈમર્જન્સી સેવા દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.આ પ્રસંગે આર.ટી.ઓ. જામનગર, જામનગર જિલ્લા ટ્રાફિક શાખા, જી.એસ.આર.ટી.સી. તથા ૧૦૮ ઈમર્જન્સી સેવાના અધિકારીઓ ઉપસ્થિત રહેલ

# મોરબી મહાનગરપાલિકામાં પ્રથમ કમિશનર સ્વપિનલ ખરેએ ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીને મહાનગરપાલિકા જાહેર કરવામાં આવી છે અને આ મહાનગરપાલિકાના પ્રથમ કમિશનર તરીકે સ્વપિનલ ખેરની નિમણૂક કરવામાં આવી છે ત્યારે આજે સ્વપિનલ ખેર દ્વારા મોરબી મહાનગરપાલિકામાં કમિશનર તરીકેનો ચાર્જ સંભાળવામાં આવ્યો હતો અને નવા કમિશનરનું મોરબી ભાજપના આગેવાનો તેમજ ધારાસભ્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

મોરબી મહાનગરપાલિકાના નવનીત કમિશનર સ્વપિનલ ખેર નું આજે મોરબી મહાનગરપાલિકા ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું સાથે સાથે મોરબી મહાનગરપાલિકાના વહીવટદાર કે બી ઝવેરી તેમજ ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે આ કાર્યક્રમમાં



મોરબી ભાજપના આગેવાનોને ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા અને આ દરમિયાન નવનિયુક્ત કમિશનર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ત્યારે તેઓ રાજકોટ થી મોરબી ચાર્જ લેવા માટે આવતા હતા ત્યારે મોરબીમાં પ્રવેશ સ્થાની સાથે જ તેઓને સ્વચ્છતા તેમજ પાર્કિંગને લઈને સમસ્યાઓ જોવા મળી હતી ત્યારે મહાનગરપાલિકાનું પ્રાથમિક કાર્ય સારા રોડ રસ્તા સ્વચ્છતા તેમજ પાર્કિંગ માટેનું હશે અને આ માટે દરેક લોકોનો પણ સાથ સહકારની જરૂર પડશે કેમકે મહાનગરપાલિકા બની ગઈ છે પરંતુ ત્વરિત બધો ફેરફાર થવો શક્ય ન હોય જેને કારણે ધીરે ધીરે આ તમામ જે વ્યવસ્થાઓ છે તે સારી કરવામાં આવશે અને લોકોને સારી સુવિધા મળે તે માટે કામ કરવામાં આવશે ત્યારે આજના દિવસે ચાર જ સંભાળતા ની સાથે જ તેમના દ્વારા મોરબી નગરપાલિકાની જે શાખાઓ હતી કઈ કઈ શાખાઓ છે કઈ પ્રકારે કામગીરી થઈ રહી છે તે અંગે વિગતો મેળવવામાં આવશે અને આગામી સમયમાં જે મહેકમ ફાડવામાં આવશે તે મુજબ ભરતીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે અને નગરપાલિકામાં જે સુવિધાઓ મળતી હતી તેનાથી સારી સુવિધા મહાનગરપાલિકામાં મળશે અને લોકોને ઝડપથી આ સુવિધાઓ મળે તે માટે કામ કરશું.

# રાજકોટ શહેર ભાજપ પ્રમુખ બનવા 30થી વધુ નેતાઓએ દાવેદારી નોંધાવી





(તસ્વીરઃ આનંદ જાવિયા)







આજથી સમગ્ર રાજ્યના શહેર અને જિલ્લાઓમાં વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષ ભાજપ દ્વારા પ્રમુખ પદના દાવેદારો માટેની સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ કરાયો હતો ફક્ત આજે સવારે ૧૦:30 થી ૧.30 દરમિયાન પ્રક્રિયા ચાલી હતી રાજકોટ શહેર ભાજપ કાર્યાલય પર આ સેન્સ પ્રક્રિયા પ્રદેશ ચૂંટણી અધિકારીઓની હાજરીમાં હાથ ધરાઈ હતી માયાબેન કોડનાની સહિતના ચૂંટણી નિરીક્ષકો દ્વારા તમામ દાવેદારો ની રજૂઆતસાંભળવામાં આવી હતી આજે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ બનવા માટે વિશ કરતા પણ વધુ ઉમેદવારોએ દવેદારી નોંધાવી હતી જેમાં પ્રમુખ નામોમાં મુકેશ દોશી,કશ્યપ શુક્લ, દેવાંગ માકડ જૈમન ઉપાધ્યાય,રક્ષાબેન બોરીચા,ધર્મેન્દ્ર મીરાણી, કનકસિંહ ઝાલા, અશ્વિન મોલીયા,ગજેન્દ્ર જાની, બીનાબેન આચાર્ય, માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાનો સમાવેશ થાય છે આજે ભાજપ કાર્યાલય ખાતે કાર્યકરોના ટોળા ઉમટયા હતા. બીજી તરફ જિલ્લા ભાજપના પ્રમુખ બનવા માટે આજે સવારથી બપોર સુધી જિલ્લા કાર્યાલય ખાતે ઉમેદવારી પત્ર રજૂ કરવાની પ્રક્રિયા શરૂ થઇ છે. ચૂંટણી અધિકારી આશિષ દવે (ગાંધીનગર) અને જે. કે. ચાવડા (જુનાગઢ) સમક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર રજૂ કરવાના છે. ૧૦ વધુ અગ્રણીઓ પ્રમુખપદ માટે ઉમેદવારી કરે તેવા એંધાણ છે. કાલે બપોરે કલ્સ્ટર ઇન્ચાર્જ સાંસદ મયંક નાયકની હાજરીમાં સંકલન બેઠક મળશે. સંકલન સમિતિના અહેવાલ બાદ તા. ૮ થી ૧૦ વચ્ચે નવા પ્રમુખનું નામ જાહેર થાય તેવી શકયતા છે. વર્તમાન જિલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરિયાને ફરી પ્રમુખ બનવાની તક સૌથી વધુ હોવાનું ભાજપના વર્તુળો જણાવે છે.

## આજે ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેન ૧ કલાક ૫૦ મિનિટ મોડી ઉપડશે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

૪ જાન્યુઆરીની ઓખા - ભાવનગર એક્સપ્રેસ ઓખાથી ૧ કલાક ૫૦ મિનિટ મોડી ઉપડશે. રાજકોટ ડિવિઝનમાં લાખાબાવળ-પીપળી સેક્શનમાં આવેલા લેવલ ક્રોસિંગ ગેટ નંબર ૨૧૪ ની જગ્યાએ રોડ અંડર બ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે.

આ અંતર્ગત ગર્ડર ડિ-લોન્ચ કરવા માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ ને રીશેડ્યુલ કરવામાં આવી છે.

આ ટ્રેન ઓખાથી ૦૪.૦૧.૨૦૨૫ ના રોજ તેના નિર્ધારિત સમય ૧૫.૧૫ કલાકના ને બદલે ૧ કલાક અને ૫૦ મિનિટ મોડી એટલે કે ૧૭.૦૫ કલાકે ઉપડશે.

રેલ્વે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ અને ટ્રેનના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટ www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## RMCનાં કોલ સેન્ટરને ગત વર્ષમાં રોડ-રસ્તા, ભૂગર્ભ અને સફાઈ સહિતની ૪.૨૬ લાખ ફરિયાદ મળી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં મનપાનાં કોલ સેન્ટર ઉપર આવતી ફરિયાદો ઓછી કરવાના પ્રયાસો આજે પણ સફળ થયા નથી. પ્રાથમિક સુવિધાને લગતી ફરિયાદોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે વર્ષ ૨૦૨૩માં મનપાનાં કોલ સેન્ટરમાં જુદા-જુદા 30 વિભાગોની ૩,૮૨,૪૪૮ ફરિયાદો હતી. જેની સામે વર્ષ ૨૦૨૪નાં પૂરા થયેલા વર્ષમાં આંકડો ૪,૨૬,૪૧૮ પર પહોંચ્યો છે. જેમાં ભૂગર્ભ ગટરની સૌથી વધુ ૨.૫૩ લાખ (૫૯%) ફરિયાદો આવી છે. જ્યારે સ્ટ્રીટલાઈટની ૫૪,૦૦૦, સફાઈની ૪૩,૦૦૦ અને પાણીની ૨૭,૦૦૦થી વધુ ફરિયાદો સામેલ છે. જોકે, આ પૈકી ૪,૨૩,૬૨૬ ફરિયાદોનો નિકાલ થયાનું પણ સામે આવ્યું છે.

રાજકોટ મનપા દ્વારા લોકોની ફરિયાદોના નિકાલના દાવા વચ્ચે વાસ્તવમાં તો લોકોને સંતોષકારક સેવાઓ મળે અને ફરિયાદો જ ન્યુનતમ થાય તે પ્રકારની ખાસ સિસ્ટમ ઉભી કરવાની જરૂર છે. આ માટે કોલ સેન્ટરમાં આવતી ફરિયાદોના મુળમાં જઈને પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા યોજનાની જેમ કામ કરવામાં આવે તો લોકોને પ્રાથમિક સુવિધાઓમાં સંતોષ આપી શકાય છે. જોકે, રાજકોટમાં પ્રાથમિક સુવિધા જેકી કે, રોડ-રસ્તા, ગટર અને પાણીને લગતી ફરિયાદોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. તા. ૩૧-૧૨ના રોજ પૂરા થયેલા ૨૦૨૪ના વર્ષમાં આ ફરિયાદોનો આંકડો સવા ચાર લાખને વટાવી ગયો છે. ગત ૨૦૨૩ના વર્ષમાં જુદા જુદા કુલ 30 વિભાગોની ફરિયાદનો આંકડો ૩,૮૨,૪૪૮ હતો જે ૨૦૨૪ના પૂરા થયેલા વર્ષમાં ૪,૨૬,૪૧૮ સુધી પહોંચી ગયો છે.

જોકે, આ પૈકી ૪,૨૩,૬૨૬ ફરિયાદોનો નિકાલ થઈ ચુક્યો છે. તો ૨૭૯૨ ફરિયાદ અણઉકેલ હોવાનું સામે આવ્યું છે. આ કામો માટે મનપા વર્ષે કરોડોના કોન્ટ્રાકટ પણ આપે છે, પરંતુ મોટો ખર્ચ પાણીમાં પણ જાય છે. દર વર્ષની જેમ ૨૦૨૪માં પણ ફરિયાદોના લીસ્ટમાં ભૂગર્ભ ગટર શાખા જ ટોચ પર રહી છે. કુલ ફરિયાદોમાંથી ૫૮ ટકા જેટલી ફરિયાદ ડ્રેનેજ શાખાને લગતી છે. ૨૦૨૪ના વર્ષમાં ચોમાસા સહિતના દિવસોમાં ભૂગર્ભ ગટર લાઈન ચોકઅપ થવાની અને ઓવરફલો થવાની ૨,૩૩,૭૩૨ ફરિયાદો નોંધાઈ હતી. જે પૈકી મોટાભાગની ફરિયાદ ઉકેલાઈ ગયાનું તંત્રએ જણાવ્યું છે. આ સિવાય ભૂગર્ભ ગટર મેન્ટેનન્સની પણ ૧૮,૭૪૨ (૪.૪૪ ટકા) ફરિયાદો ઉકેલાઈ ચૂકી છે.

બીજા ક્રમે દર વર્ષની જેમ ૨૦૨૪માં પણ રોશની શાખા આવી છે. સ્ટ્રીટ લાઈટને લગતી ફરિયાદો આ વર્ષે અર્ધો લાખની વટાવી ગઈ છે. ૨૦૨૪માં કુલ ફરિયાદમાં ૧૨.૭૩ ટકા ભાગ સાથે આ ફરિયાદનો આંકડો ૫૪,૩૮૬ પર પહોંચ્યો છે. તે બાદના ક્રમે સફાઈ તંત્ર આવે છે. સોલીડ વેસ્ટ તંત્રને ૪૩,૧૩૩ એટલે કે ૧૦.૧૨ ટકા ફરિયાદો નોંધાઈ છે. જેમાં અનેક વિસ્તારમાં રોજ સફાઈ ન થવી, કામદાર ન આવવા, કચરાના ઢગલા, ટીપર વાનને લગતી ફરિયાદો



નાગરિકો નોંધાવે છે. રાજકોટમાં હવે પાણી પ્રશ્ન રહ્યો નથી. છતાં ટેકનીકલ સહિતના કારણોથી અનેક વિસ્તારમાં ઓછું પાણી મળવાથી માંડી દુષિત પાણીની ફરિયાદ આવતી રહે છે. કુલ ફરિયાદોમાં ૬.૫૦ ટકા એટલે કે ૨૭,૭૧૮ ફરિયાદો વોટર વર્કસ વિભાગને લગતી આવી છે.

રાજકોટમાં રસ્તા પરના ખાડા કાયમી ત્રાસરૂપ અને સવાલોમાં રહ્યા છે. દર ચોમાસામાં રસ્તાનું ધોવાણ થાય છે અને તંત્રની કામગીરી સામે સવાલ ઉઠે છે. આ કામ જે વિભાગ હેઠળ આવે છે તે બાંધકામ શાખાને લગતી ખાડા સહિતની કુલ ૧૪,૨૭૪ (૩.૩૫ ટકા) ફરિયાદ કોલ સેન્ટરમાં આવી છે.

## સૌરાષ્ટ્ર - ગુજરાતમાં ઠંડી હજુ પણ નહિવત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજરોજ પણ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ નહિવત રહેવા પામ્યુ હતું.માત્ર નલિયા ખાતે ૯-ડિગ્રી સાથે તિવ્રઠંડી અનુભવાઈ હતી.જયારે આજરોજ રાજકોટ શહેરમાં ૧૪.૨,પોરબંદરમાં ૧૫, વેરાવળમાં ૧૯.૩, તથા અમદાવાદમાં ૧૪.૧, અમરેલીમાં ૧૫.૫, વડોદરામાં ૧૩, ભાવનગરમાં ૧૫.૨, ભુજમાં ૧૩.૪, દમણમાં ૧૫.૨, ડિસામાં ૧૩.૩, દિવમાં ૧૪.૮, દ્વારકામાં ૧૮.૮, કંડલામાં ૧૬.૨, ઓખામાં ૧૯.૬, સુરતમાં ૧૬.૮, તેમજ વેરાવળમાં ૧૯.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.



જયારે જામનગર શહેરમાં આંશિક ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી જ્યારે ૧.૫ડીગ્રી વધીને મહત્તમ તાપમાન ૨૮ ડીગ્રી નોંધાયું હતું.પવનની ગતિ પ્રતિકલાક ૨.૯ કિમિ રહી છે.પવનની ગતિમાં અને લઘુતમ તાપમાનમાં આંશિક ઘટાડો થતા ઠડીમાં રાહત અનુભવી હતી.

શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૩ ટકા રહ્યું હતું. આથી સવારે ગાઢ ધૂમ્મસનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. ધોરીમાર્ગો પર ધૂમ્મસ વધુ રહેતા વિઝિબિલિટી ઘણી જ ઘટી જવા પામી હતી.

આવી પરિસ્થિતિમાં અકસ્માત ન સર્જાય સર્જાય તે માટે વાહનચાલકોએ તેમના વાહનની ગતિ ધીમી રાખવાની સાથે હેડલાઈટ પણ ચાલુ રાખવાની ફરજ પડી હતી. વહેલી સવારે થયેલી ઝાકળવર્ષાથી માર્ગો ભીના થઈ ગયા હતાં.

## રોડ સેફ્ટી મંથની ઉજવણીના ભાગરૂપે આરટીઓ કચેરી દ્વારા ટ્રાફિક નિયમોની પત્રિકા અપાઇ








આજ રોજ આર ટી કચેરી દ્વારા રોડ સેફટી મંથની ઉજવણીના ભાગ રૂપે રાજકોટ બસ સ્ટેન્ડ ખાતે આશરે ૪૫ થી વધુ રીક્ષા ચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે ટ્રાફિક નિયમો લખેલ પત્રિકાઓ આપી તેમજ ટ્રાફિક નિયમો બાબતે સમજ કરી ટ્રાફિક ના નિયમ પાલન કરવા જણાવેલ. ઉપરાંત રીક્ષા મા જરૂરિયાત મુજબ ના દસ્તાવેજ હોવા તેમજ પબ્લિકને એક સારા રીક્ષા ચાલક તરીકે મદદ રૂપ થવા જણાવેલ.

## પ્રયાગરાજ મહાકુંભનાં યાત્રિકો માટે રેલવે ત્રણ વન-વે ટ્રેનો દોડાવશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે અને મહાકુંભ મેળા-૨૦૨૫ દરમિયાન મુસાફરોના વધારાના ધસારાને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલવેએ મુંબઈ સેન્ટ્રલ - લખનઉ, ભાવનગર ટર્મિનસ - લખનઉ અને સાબરમતી - લખનઉ વચ્ચે વિશેષ ભાડા પર ત્રણ વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવાયો છે.





પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, ટ્રેન નંબર ૦૯૦૧૧ મુંબઈ સેન્ટ્રલ-લખનઉ વન-વે સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૦૧૧ મુંબઈ સેન્ટ્રલ - લખનઉ સ્પેશિયલ ટ્રેન સોમવાર, ૦૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૧૧:૦૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧:૦૦ વાગ્યે લખનઉ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, ઉધના, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, શુજલપુર, સિહોર, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી અને કાનપુર સેન્ટ્રલ સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.ટ્રેન નંબર ૦૯૨૩૫ ભાવનગર ટર્મિનસ-લખનઉ વન-વે સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૨૩૫ ભાવનગર ટર્મિનસ - લખનઉ સ્પેશિયલ ભાવનગર ટર્મિનસ બુધવાર, ૦૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાત્રે ૮:૨૦ વાગ્યે ઉપડશે અને શુક્રવારે વ્હેલી સવારે ૦૪:૦૦ વાગ્યે લખનઉ પહોંચાડશે.

આ ટ્રેનના રૂટમાં ભાવનગર પરા, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, ચાંદલોડિયા, કલોલ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ, બ્યાવર, અજમેર, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંડીકુઈ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ અને ઉન્નાવ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

